# The Baroda Rayon Corporation Ltd.

CIN L45100GJ1958PLC000892

P O Fatehnagar, Udhna, Surat 394 220

Tel : 0261-2899555

Email : admin@brcl.in

Website : www.brcl.in


November 25, 2025

To
Department of Corporate Services
BSE Limited
P J Towers,
Dalal Street,
Mumbai - 400001.

**Sub – Newspaper advertisement - Special window for Re-lodgement of transfer of physical shares.**
**Ref – BSE Scrip code – 500270**

Dear Sir / Madam,

Please find enclosed the copies of the newspaper advertisements published on November 25, 2025, in compliance with SEBI Circular SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 dated July 02, 2025, regarding the opening of a special window for re-lodgement of transfer requests for physical shares in following newspapers:

a) Financial Express (English Edition); and
b) Pratap Darpan (Gujarati Edition)

This above details are also available on the company's website at www.brcl.in

Kindly take the same on your record.

Thanking you,

Yours faithfully,
**For The Baroda Rayon Corporation Limited**

Kunjal S Desai

**Kunjal Desai**
**Company Secretary**

The Baroda Rayon Corporation Ltd. PO Fatehnagar (Surat) 394220

Encl: As above



નુતન આચાર્ય શ્રી પરમ પૂજ્ય પદ્મ દર્શન સુરીશ્વરજી મહારાજ સાહેબ ના પગલાં શ્રી ત્રિકમનગર જૈન સંઘમાં થયા અને આજરોજ પૂજ્યશ્રીના ૪૫ માં દીક્ષા વર્ષમાં મંગલ પ્રવેશ થયો એ નિમિત્તે વિવિધ કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા જેમાં આજરોજ સાહિત્યકાર શ્રી સુખદેવભાઈ ગઢવી નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો તેમજ બીજા અનુકંપાના અને સેવા કાર્યો કરવામાં આવ્યા લાભાર્થી પરિવાર અ.સૌ. બકુલાબેન વ્રજલાલ ભગવાનજી પારેખ પરિવાર વતી શ્રી વજુભાઈ પારેખે પૂજ્ય ગુરુદેવ શ્રી ને અંતરની શુભેચ્છા પાઠવી તેમજ સકળ સંઘની અનુમોદના કરી.

## ગાંધીનગરની કોલેજમાં રેગિંગની ઘટના

# મેડીકલના ત્રીજા વર્ષના ૭ વિદ્યાર્થીઓ બે વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવાયા

### ડીનની ફરિયાદને પગલે આકરી કાર્યવાહી કરતા મંત્રી પ્રફુલ પાનશેરીયા

સુરત, તા.૨૫

ગાંધીનગરની મેડિકલ કોલેજમાં બનેલા રેગિંગના ગંભીર બનાવ અંગે તબીબી શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાએ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, આ મેડિકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં સાત વિદ્યાર્થીઓ અને બીજા વર્ષના અન્ય વિદ્યાર્થીઓ સાથે મળીને પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને હેરાન કરી માનસિક ત્રાસ આપતા હતા. જેની ફરિયાદ થતાં તાત્કાલિક ધોરણે તપાસ કરીને આ ઘટનામાં સામેલ ત્રીજા વર્ષના સાત વિદ્યાર્થીઓને ૨ વર્ષ માટે તેમજ બીજા વર્ષના અન્ય વિદ્યાર્થીઓને છ માસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તબીબી શિક્ષણ મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ કોલેજના હોસ્ટેલ ડીનને રેગિંગની ફરિયાદ મળતા તાત્કાલિક ધોરણે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ કરવામાં આવ્યા હતા. જેમાં ત્રીજા વર્ષના સાત વિદ્યાર્થીઓ અને અન્ય બીજા વર્ષના વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના વિદ્યાર્થી સાથે અસામાજિક અને અનૈતિક વર્તન કર્યું હતું. જેથી તમામ કસૂરવાર વિદ્યાર્થીઓને બે વર્ષ માટે અને બાકીના વિદ્યાર્થીઓને છ મહિના માટે સસ્પેન્ડ કરી પોતાનું વર્તન સુધારવાની કડક શબ્દોમાં તાકીદ કરવામાં આવી છે. તબીબી શિક્ષણ મંત્રીશ્રી પાનશેરિયાએ વિદ્યાર્થીઓને વિનંતી કરતાં કહ્યું હતું કે, તમે તમારા માતા-પિતાના સ્વપ્ને સાકાર કરવા માટે અભ્યાસ કરવા આવો છો, ત્યારે તમારા દ્વારા કોઈને પણ હેરાનગતિ કે દુઃખ પહોંચાડવું જોઈએ નહી. તમારા દ્વારા કોઈને ત્રાસ આપવામાં આવે તે યોગ્ય નથી. તમને એક સન્માનિત ડોક્ટર બનવા જઈ રહ્યા છો ત્યારે માનવતા પણ તમારામાં હોવી જોઇએ તો જ તમે સાચી સેવા કરી શકશો. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, અન્ય કોલેજોની અંદર પણ આવો બનાવ ન બનવો જોઈએ. જો રાજ્ય સરકારને એક પણ નાની એવી ફરિયાદ મળશે તો ચોક્કસ તેના પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે જેની તમારી કારકિર્દી પર પણ અસર થશે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અન્ય વિદ્યાર્થીઓને ત્રાસ આપવાથી ઘણીવાર તો વિદ્યાર્થી આત્મહત્યા સુધીનું પગલું ભરે છે. ૧૮ થી ૨૦ વર્ષના કુમળી વયના યુવાનોમાં વધારે વિચાર કે વધારે સહનશક્તિ હોતી નથી માટે કોઈનો લાડકવાયો છીનવાય અને તમારી કારકિર્દી પૂર્ણ ન થાય તે બાબતે તમામ વિદ્યાર્થીઓને ખૂબ કાળજી રાખવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

# નેશનલ કેડેટ ટેકવાન્ડોમાં વંશિકા પટેલને સિલ્વર મેડલ

### એડવોકેટ ટિવન્કલ પટેલની દિકરી વંશિકાએ રાષ્ટ્રીય સ્તરે સુરતનું નામ રોશન કર્યું

સુરત, તા.૨૫



પંજાબનાં જલંધર ખાતે યોજાયેલી ધો.૮માં ટીએફઆઈ નેશનલ કેડેટ ટેકવાન્ડો ચેમ્પીયનશીપ-૨૦૦૫માં સુરતની દિકરી વંશિકા પટેલને સિલ્વર મેડલ મળ્યું છે. ટેકવાન્ડોની અલગ અલગ કમ્પીટીશનમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ વંશિકા પટેલને નેશનલ લેવલે સિલ્વર મેડલ મળ્યો છે. સુરતનાં જાણીતા એડવોકેટ ટિવન્કલ પટેલની પત્રી વંશિકા ખૂબ નાની વયે ટેકવાન્ડોની પ્રેક્ટીશ કરી રહી છે. ટેકવાન્ડોની ટ્રેનિંગ આપતા પમીર શાહ દ્વારા વંશિકા પટેલને પેશનથી દરેક કોમ્પીટીશનમાં પર્ફોમન્સ આપવા ખૂબ પ્રોત્સાહિત કરાઈ છે. વંશિકાની આ સિધ્ધિ બદલ તેના પરિવાર-શાળાનું ગૌરવ વધ્યું છે.

# શિક્ષકઃ પડકાર અને પથદર્શક

તાજેતરમાં જે રીતે ચૂંટણીની કામગીરીમા બ્લોક લેવલ ઓફિસર તરીકે તમો સૌ કાર્યરત છો અને કામની જે જવાબદારી તમારા સૌને આપણા શીરે આવી છે તેનાથી આપણે ભટકી જઈએ, ડરી જઈએ કે હતાશ થઈએ તે અત્યંત દુઃખદ છે.સાંપ્રત પરિસ્થિતિના બદલાયેલા સંજોગો, મૂલ્યો, આદર્શો વગેરેમાં એક શિક્ષક અડીખમ શિખર સમો સ્થિત હોય તે ખૂબ જરૂરી છે. આ સમાજ શિક્ષકથી, શિક્ષક વડે, શિક્ષક દ્વારા ઘડાય રહ્યો છે.આ ઘડતરમાં તમારું એક ડગલું પણ પાછા હટવું એ સમાજને સ્વીકાર્ય નથી. કારણ તમો સમાજના બ્રહ્મા તરીકે એક એવા આસને વિરાજિત છો કે જ્યાં લોકો તમારું ઉદાહરણ સામે રાખીને પોતાનો પથ પ્રકાશિત કરે છે.

ભગવદ્ ગીતાના અધ્યાય-૩ને અનુસરવા આપ સૌને જણાવવાનો લોભ જતો કરતો નથી. પરંતુ સાથે એ પણ જણાવું કે ભગવાન યોગેશ્વર કહે છે કે આ?સક્તિ વિનાના કર્માચરણ દ્વારા પરમસિદ્ધિને પામી શકાય અને ૨૩ માં શ્લોકમાં યદી પ્હહં નવર્તતે જાતું કર્મણ્યતદ્રતિ.મમ વત્મૉનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ.અર્થાત જો હું સાવધાન થઈને કર્મમાં ન વર્તું તો ભારે હાની થઈ જાય કારણ કે માણસો બધી જ રીતે મારા જ માર્ગનું અનુચરણ કરે છે. આ સાવધાનીને હું યોગેશ્વર સાવધાની તરીકે ઓળખું છું. આપણે પણ આ જ સાવધાન સ્થિતિને અનુસરીને આગળ વધતા રહેવું જોઈએ.જે સ્થિતિને બદલવા માટેનું આપણું સામર્થ્ય કે શક્તિ નથી અથવા એમ કહું કે બધી જ તાકાતને ઝોંકી દીધા પછી પણ જો કોઈ સ્થિતિ ન બદલાય તો આપણે હારાકીરી કર્યા વગર આપણે આપણા કામમાં જોડાઈ જવું જોઈએ.

કોઈપણ કાર્ય ક્યારેય અશક્ય નથી અને અશક્યને પણ સરળ બનાવવાનું સામર્થ્ય છે જો આપણે કેળવી શકીએ તો! વાત અહીં કોઈપણ પરિસ્થિતિથી લડવા માટેની તાકાત કેળવવાની છે હારીને કે હતાશ થઈને આપણે સમગ્ર શૂન્યાવકાશ સરી જવાથી પાછું વળવું જોઈએ. હું અહીં દાખલો આપું કે બધી જ પરિસ્થિતિ આપણને અનુકૂળ



ન હોય તો પણ હિંમતથી આગળ વધતા રહેવું જોઈએ. હું આચાર્યની જવાબદારીમા ઘણાં વર્ષો સુધી રહ્યો અને તેના કારણે ચૂંટણીની નાની કામગીરી મારે ભાગે બહુ આવે નહી અને આવતી નહીં. તેથી હું કોઈ ચૂંટણી કામગીરીથી બહુ પરિચિત નહોતો. નિયમો અને પદ્ધતિ જાણું પણ તેમાં પ્રવેશ્યો નહોતો. ક્યારેય કોઈ કામ કર્યું ન હોય તો પણ જ્યારે આવી જ પડે ત્યારે આપણે ખૂબ હિંમતથી તેને સરળ બનાવવું જોઈએ.સને ૨૦૧૨ ની વિધાનસભા ચૂંટણીમાં મારો ચુંટણીના પ્રમુખ અધિકારી તરીકેનો હુકમ થાય છે. એ હુકમ મને એમ હતું કે રદ થઈ જશે પરંતુ ચુંટણીની આગલા દિવસ સુધી તે રદ ન થયો. મારા ઘેર એક સામાજિક પ્રસંગ પણ હતો અને ચુંટણીની કામગીરીમાં મને હુકમ મળેલો મહુવા વિધાનસભાનો. હું અહીંથી બધા જ ચૂંટણી અધિકારીઓ સાથે બસમાં પણ જઈ શકું તેમ નહોતો. મેં મુખ્ય ચૂંટણી અધિકારીને જણાવીને મહુવા બસમાં પહોંચવા માટેની મુક્તિ મેળવી લીધી હતી. વિધાનસભાના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ મને જણાવી દીધું હતું કે હવે ચૂંટણી કામગીરીમાં તમારે જવું પડશે. મેં ભૂતકાળમાં પણ કોઈ ચૂંટણીઓની પ્રક્રિયામાં સીધો ભાગ નહોતો લીધો અને ગયો ન હતો.

આ ચૂંટણીમાં પણ મારો હુકમ રદ થઈ જશે એવા વિશ્વાસ સાથે હું કોઈ મિટિંગ, બેઠકમાં ગયો નહોતો. તેથી સમગ્ર પ્રક્રિયાથી હું અજાણ હતો. ન તો ઈવીએમ અંગેનું કોઈ એટલું ઊંડું જ્ઞાન કે ન ચૂંટણી પ્રક્રિયાનું નોલેજ! પણ મારા પર જવાબદારી આવી એટલે મેં પછી તેની બુકલેટનો રાત્રે અભ્યાસ કરી નાખ્યો. સવારમાં ચૂંટણી શરૂ થવાની હતી. મારા ચૂંટણી મથક પર સમયસર પહોંચી ત્યાં રોકાઈ અને વિભાગના ઉપરી અધિકારીના સંપૂર્ણ સહયોગથી આખી પ્રક્રિયા ખુબ સુદંર રીતે પૂરી કરી.વિધિની વક્રતા તો એ હતી કે મારી નીચેના અથવા સહયોગી એવા અધિકારીઓ પણ આ કામગીરીમાં કોઈ નિપુણ નહોતા, તો પણ તેમને માર્ગદર્શિત કરીને મેં લગભગ તમામ પ્રક્રિયામાંથી પસાર થઈને ખૂબ સુંદર રીતે કામ પૂરું કર્યું. મતદાન અધિકારી તરીકેના સાથીઓને પણ કેટલીક વાતની ખૂબ નવાઈ લાગી કે તમે કેટલાં આત્મવિશ્વાસ, હિંમતથી વ્યવહારુ બનીને આખું કામ ઉકેલ્યું! એકાદ વ્યક્તિએ મને પરિણામ આવ્યા પછી ફોન કરીને જણાવ્યું કે સર, પરિણામ આવી ગયું! મેં કહ્યું કે આવવાનું જ હતું અને આખી પ્રક્રિયા ક્યારેય કરી ન હોવા છતાં સરસ રીતે પૂરી કરી તેનો આનંદ છે.

આપણે સૌ જો કંઈ સ્થિતી બદલાય તો ઠીક છે નહીંતર જે માથે આવી ગયું છે તેને ખૂબ ઉત્સાહ આનંદથી પૂરું કરીએ.આપણે? BLO અર્થાત્ બી એટલે બોલ્ડ (નિડર )એટલે લર્નેડ(જ્ઞાની) અને ઓ એટલે ઓરસમેન (નાવિક) બનીએ.

**તખુભાઈ સાંડસુર**

# મજુરાગેટથી ઉધના દરવાજા સુધીનો માર્ગ બે માસ માટે બંધ

### મેટ્રો સ્ટેશનની કામગીરીના કારણે પોલીસ કમિશનરનું હંગામી જાહેરનામું

સુરત, તા.૨૫

સુરત શહેર ખાતે મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત (૧) મજુરાગેટ મેટ્રો સ્ટેશન તથા (૨) ઉધના દરવાજા મેટ્રો સ્ટેશનની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાના હેતુસર પોલીસ કમિશનરશ્રી અનુપમ સિંહ ગહલૌતે ટ્રાફિક વ્યવસ્થાના ભાગરૂપે એક જાહેરનામાં દ્વારા તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી બે માસ(૨૪ કલાક) માટે આ રૂટ પર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ મૂકી તેના માટે વૈકલ્પિક રૂટ જાહેર કર્યો છે.

જે અનુસાર (૧) કૃષી મંગલ હોલથી મજુરા ગેટ ચાર રસ્તા તરફ જતાં ડાબી બાજુનો સર્વીસ રોડ (૧૬૦ મીટર) તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે. જેના વૈકલ્પિક રૂટ તરીકે (૧) જુની RTO થી ઉધના દરવાજા, માનદરવાજા તથા સુરત રેલ્વે સ્ટેશન તરફ જવા માટે મજુરા ગેટ બન્ને તરફનો ઓવર બ્રીજ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે ચાલુ રહેશે. (૨) જુની RTOથી ભટાર તથા એલ.બી.ટન’ગ તથા પ્રજાપિતા બ્રહ્માકુમારી તરફ જવા માટે મજુરા ગેટ ઓવરબ્રીજ ઉપરથી નીચે ઉતરી ડાબી બાજુ થઈ - કડીવાલા સ્કુલથી જમણી બાજુ યુ-ટર્ન લઈ નવી સિવિલ હોસ્પીટલ થઈ ડાબી બાજુ વળાંક લઈ એલ.બી.ટન’ગ તથા પ્રજાપિતા બ્રહ્માકુમારી તથા ભટાર તરફ જઈ શકાશે., જુની RTO થી જમણી બાજુ ચાન્સલર બિલ્ડીગ થઈ ભુતમામા મંદીર થી ડાબી બાજુ થઈ ગોકુલમ ડેરી થઈ PF ઓફીસ થઈ ઘોડદોડ રોડ થઈ એલ.બી. તરફ તથા ભટાર તરફ જઈ શકાશે., જુની RTOથી જમણી બાજુ ચાન્સલર બિલ્ડીગ થઈ ભુતમામા મંદીરથી ડાબી બાજુ થઈ ગોકુલમ ડેરી થઈ PF ઓફીસથી ડાબી બાજુ થઈ પાંજરાપોળ થઈ ઈન્કમટેક્ષ ઓફીસ થઈ મજુરા ગેટ તથા એલ.બી.તરફ જઈ શકાશે., જુની RTO થી ડાબી બાજુ થઈ જીવન ભારતી ત્રણ રસ્તા થી જમણી બાજુ થઈ લાફીંગ બુધ્ધા સ્ટેચ્યુથી જમણી બાજુ થઈ સોરથીયા રામીમાળી પંચની વાડી થઈ મજુરાગેટ તરફ જઈ શકાશે. (૨) સોની TV શો રૂમ થી ઉંધના દરવાજા ચાર રસ્તા તરફ જતાં (૨૦૦ મીટર) રોડ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે. જેના વૈકલ્પિક રૂટ તરીકે નિર્મલ હોસ્પીટલ થી યુનીક હોસ્પીટલ થઈ ડાબે ટર્ન લઈ રોકડીયા ચાર રસ્તા થઈ ઉંધના દરવાજા તરફ જઈ શકાશે તથા ૨.૮ મીટરની ઉંચાઈવાળા વાહનો ચામુંડા રેસ્ટોરેન્ટથી બ્રીજ નીચેથી સામેની સાઈડ જુની સબ જેલ થઈ જયેશ ભંડારી કબાબ એન્ડ ચીકન રેસ્ટોરેન્ટથી ડાબે થઈ ખટોદરા જી.આઈ.ડી.સી. માંથી સુરત-નવસારી રોડ તરફ આવી શકાશે. અને ICICI બેંકથી ઉધના દરવાજા તરફ જતા આગળ સોની TVની દુકાન પાસેથી ડાબી બાજુ તરફથી પાછળના રસ્તા ઉપરથી ઉધના ચાર રસ્તા તરફ નાના-વાહનો (ફોર-વ્હીલ કાર તથા બાઈક તથા ઓટો રીક્ષા) માટે ખુલ્લો રહેશે. (૩)ઉધના દરવાજા ઓવરબ્રિજ તથા કડીવાલા ઓવરબ્રીજ વચ્ચે ગુજરાત સમાચાર પ્રેસની સામે ઉતરતાં અને ચઢતાં બે બ્રીજ વચ્ચેનો ગેપ બંધ કરી તેના વૈકલ્પિક રૂટ તરીકે ઉધના દરવાજાથી જુની સબજેલ સુધીના રોડ ઉપર આવવા-જવા માટે બન્ને તરફનો ટ્રાફિક વ્યવહાર ચાલુ કરી ડાયર્વઝન આપી શકાશે. અને ચામુંડા રેસ્ટોરેન્ટથી બ્રીજ નીચેથી ડાબી બાજુ થઈ ઉધના દરવાજા તરફ તથા ઉધના દરવાજાથી જુની સબજેલ સુધી વચ્ચે બેરીકેટીગ કરી ડાયર્વઝન આપી શકાશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ગણાશે.

# બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ

સુરત, તા.૨૫

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરની પ્રેરણાથી કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સુરત શહેર/ગ્રામ્ય દ્વારા સંચાલિત “બાળ પ્રતિભા શોધ” સ્પર્ધા ડિસેમ્બર મહિનામાં યોજાનાર છે. નાના વિદ્યાર્થીઓની સર્જનાત્મક પ્રતિભાને યોગ્ય મંચ મળે તે હેતુથી દર વર્ષે યોજાતી આ સ્પર્ધા માટે આ વખતે પણ બાળકો અને વાલીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સ્પર્ધા ત્રણ વિભાગોમાં યોજાશે. વિભાગ “અ”માં ૭ થી ૧૦ વર્ષ, વિભાગ “બ”માં ૧૧ થી ૧૩ વર્ષ અને ખુલ્લા વિભાગમાં ૭ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. વિભાગ “અ” અને “બ” માટે વકતૃત્વ, ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, એકપાત્રીય અભિનય, નિબંધ, લગ્નગીત અને લોકવાદ્ય સંગીત એમ ૭ કૃતિઓનો સમાવેશ થાય છે. જ્યારે ખુલ્લા વિભાગમાં લોકવાર્તા, લોકગીત, ભજન, દોહા–છંદ–ચોપાઈ, સમૂહગીત અને લોકનૃત્ય એમ ૬ કૃતિઓ યોજાશે. આમ કુલ ૧૩ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાનો અવસર મળશે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે નિયત ફોર્મ સાથે આધાર કાર્ડ અથવા શાળા બોનાફાઈડ જેવી ઉંમર આધારિત પુરાવાની નકલ જોડવાની રહેશે. ભરેલાં ફોર્મ તા.૨૮ નવેમ્બરના બપોરે ૧:૦૦ વાગ્યા સુધી કચેરી સમય દરમિયાન જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, પ્રથમ માળ, જુની સિવિલ કોર્ટ બિલ્ડિંગ, બહુમાળી કેમ્પસ, નાનપુરા, સુરત ખાતે જમા કરાવવા રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે

# આમલી ગામ ખાતે પશુપાલકો માટે ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો

### એઝોલાની વનસ્પતિનો પશુ આહારમાં આપવામાંથી દાણનો ખર્ચ બચાવી શકાય

સુરત, તા.૨૫

માંડવી તાલુકાના આમલી ગામ ખાતે પશુ વિજ્ઞાન કેન્દ્ર તથા કામધેનુ યુનિવર્સિટી, નવસારીના સંયુકત ઉપક્રમે "પશુપાલનમાં પશુ પોષણ અને બચ્ચા ઉછેરનું મહત્વ" વિષયક પશુપાલક ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમમાં કુલ ૩૨ પશુપાલકોએ ભાગ લીધો હતો.

આ અવસરે મદદનીશ પ્રાધ્યાપક ડો.સુનિલકુમારે જણાવ્યું હતું કે, નફાકારક પશુપાલન માટે ઉત્તમ વીર્યનો ઉપયોગ કરીને સારી જાતની વાછરડી મળવાની શક્યતા વધારી શકાય છે. પશુ આહારમાં એઝોલા એક જાતની ફર્ન પ્રકારની વનસ્પતિ જે પશુ આહારમાં આપવાથી પશુ માટે થતાં દાણનો ખર્ચ ઘટાડી શકાય તે અંગે પશુપાલકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ અવસરે ડૉ.સચિનકુમારે પશુ વિજ્ઞાન કેન્દ્રના ઉદેશો, બચ્ચા ઉછેરનું મહત્વ વિશે માહિતી આપી હતી. તાલીમ દરમિયાન પશુપાલકોને પ્રોત્સાહનના ભાગરૂપે પશુપાલન વિષય આધારિત સાહિત્યની કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કામધેનું યુનિ.ના ડૉ. કે.એન.વાધવાણી તથા ડૉ.જે.એસ.પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. પશુ વિજ્ઞાન કેન્દ્ર, માંડવી દ્વારા કરવામાં આવતી આવી પ્રવૃત્તિઓ ગ્રામ્ય વિસ્તારોમાં વસતા પશુપાલકોને પશુપાલન તરફ પ્રોત્સાહન આપીને આત્મનિર્ભરતાની દિશામાં પ્રેરણા આપનાર નિવડશે.

### મોદીના હસ્તે રામ

પહેલા પાનાનું ચાલુ

લોકોએ સ્વાગત-અભિવાદન કર્યું હતું.રામ મંદિર ખાતેનાં આ ભવ્ય દિવ્ય સમારોહ તથા મહાનુભાવોની હાજરીને ધ્યાને રાખીને સુરક્ષાની અભૂતપુર્વ વ્યવસ્થા કરવામાં આવી હતી.૬૯૭૦ સુરક્ષા જવાનોને સલામતી વ્યવસ્થા માટે તૈનાત કરવામાં આવ્યા હતા.હેલીકોપ્ટર મારફત વોચ ઉપરાંત એન્ટી ડ્રોન સિસ્ટમ પણ લગાવવામાં આવી હતી.અયોધ્યામાં ધ્વજારોહન સાથે ભવ્ય રામમંદિર સંપૂર્ણ રીતે પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવ્યુ છે. જયારે ૧૦૦૦ કવીન્ટલ ફૂલોથી સમગ્ર રામનગરીન સજાવટ કરવામાં આવી હતી. માઈક પરથી સતત રામધુન, ભજન અને કિર્તનની અલૌકિક દિવ્ય વાતાવરણ સર્જાયુ હતું.

### તમિલનાડુમાં બે યાત્રી

પહેલા પાનાનું ચાલુ

બહાર કાઢવા જેસીબીની મદદ લઈ પતરા કાપી ઘાયલ મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા. બસમાં ૫૫ જેટલા મુસાફરો મુસાફરી કરતા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ડ્રાઈવરની બેદરકારીથી અકસ્માત સર્જાયો હોવાની વિગતો ખુલી હતી. પોલીસે ઘટનાના સીસીટીવી ફુટેજ આધારે તપાસ આગળ ધપાવી છે.

### છત્તીસગઢમાં ૫

પહેલા પાનાનું ચાલુ

અભ્યાસ કરે છે. માહિતી અનુસાર, સોમવારે જ્યારે સ્કૂલ ખુલી ત્યારે બાળકો સમયસર સ્કૂલ પહોંચ્યા હતા.

આ દરમિયાન નર્સરી ક્લાસમાં જ્યારે ભણવાનું શરૂ થયું ત્યારે શિક્ષિકા કાજલ સાહુએ હોમવર્ક તપાસ્યું. આ દરમિયાન એક વિદ્યાર્થીએ પોતાનું હોમવર્ક પૂરું કર્યું ન હતું. આના પર શિક્ષિકા કાજલ સાહુ બાળક પર ગુસ્સે થઈ ગઈ.

### આંખની

પહેલા પાનાનું ચાલુ

તેને ઈન્ફ્રારેડ લાઈટ મારફતે આંખનાં પાછળનાં ભાગમાં મૂકાયેલા રટરમીમીના નાના વાયરલેસ ચિપ સુધી મોકલે છે. આ ચિપ સોલાર પાવરથી ચાલે છે અને પ્રાપ્ત થયેલી માહિતી ઈલેક્ટ્રિકલ સગ્નલમાં ફેરવી મગજ સુધી પહોંચાડે છે. ઈન્ફ્રારેડ પ્રકાશ માનવીને દેખાતો નથી, એટલે રહેલી કુદરતી દ્રષ્ટિમાં કોઈ ખલેલ પડતો નથી.

આ ઉપકરણની અસર જોવા માટે ૬૦ વર્ષ કે તેથી વધુ વયનાં ૩૨ લોકો પર પરીક્ષણ થયું. સૌની દ્રષ્ટિ ૨૦/૩૨૦ કરતાં ખરાબ હતી, એટલે તેઓને સામાન્ય વ્યક્તિ ૩૨૦ ફૂટે જે જોઈ શકે તે માત્ર ૨૦ ફૂટ દુર જ જોઈ શકતાં હતાં. તેમની એક આંખમાં આ ચિપ ઈમ્પ્લાન્ટ કરી, ચારથી પાંચ અઠવાડિયા પછી તેમને સ્પેશિયલ ચશ્માં પહેરાવ્યાં. આ ચશ્મામાં દશ્ય ૧૨ ગણું મોટું કરવું, બ્રાઈટનેસ અને કોન્ટ્રાસ્ટ બદલી શકવાની સગવડ હતી.

### આઈએનએસ મહે

પહેલા પાનાનું ચાલુ

જેને એન્ટીસબમરીન કામગીરી સોંપવામાં આવે છે. ઉંડા પાણીમાં તે સબમરીનને શોધીને તેને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે અને તેની સોનાર ટેકનોલોજી દુર દુર રહેલી સબમરીનને પણ ઓળખી શકે છે તથા ટોર્પીડો અને રોકેટ લોન્ચર જેવા હથિયારોથી સજ્જ હોય છે જેના કારણે તે યુદ્ધ સમયે અત્યંત મહત્વપૂર્ણ સાબીત થશે.

એટલું જ નહી દુશ્મન દેશોના યુદ્ધ જહાજોને આગળ વધતા અટકાવવા જે રીતે સમુદ્રી સુરંગો બિછાવવામાં આવે છે તે કામગીરી પણ આ યુદ્ધ જહાજ કરી શકશે. આ યુદ્ધ જહાજને સમુદ્રમાં તરતા મુકતા સમયે ભારતીય ભૂમિદળના વડા જનરલ દ્વિવેદીએ કહ્યું કે આ યુદ્ધ જહાજનું નિર્માણ ભારતની ક્ષમતાનું પ્રમાણપત્ર છે અને ટેકનોલોજી એ દેશમાં જે રીતે વિકસી છે તેને નવી ક્ષમતા મળશે.

### ઈથોપિયાના

પહેલા પાનાનું ચાલુ

એરપોર્ટ ઓપરેશન પર પણ તેની અસર થશે. ડીજીસીએએ તમામ એરલાઈન્સ અને એરપોર્ટને એલર્ટ પોઈન્ટ પર મુકયા છે.

આ જવાળામુખીની ફલાઈટના કારણે આજે એર ઈન્ડિયા ઈન્ડિગો અકાશા સહિતની એરલાઈને પોતાની ફલાઈટો રદ કરી છે. ખાસ કરીને વિદેશ જતી ફલાઈટ પર તેની અસર વધુ થઈ રહી છે.

હેલી ગુબ્બી જવાળામુખીની રાખ ભારતના અનેક શહેરોને અસર કરી શકે છે. ખાસ કરીને હોંગકોંગ, દુબઈ, જેધાહ, હેલસિન્ગી, ક્રેનફર્ટ, કાબુલ વગેરે જતી ફલાઈટને ખાસ સાવચેતી રાખવા માટે જણાવાયું છે. જ્યારે અકાશાએ જેધા, કુવૈત અને અબુધાબીની ફલાઈટ રદ કરી છે. આ રાખના વાદળો જો સતત વધતા રહે તો વધુ ગંભીર પરિસ્થિતિ બની શકે છે.

હાલ તે ૨૫થી ૪૫ હજાર ફૂટની ઉંચાઈએ છે અને તે રીતે જ હિમાલયમાં પસાર કરી શકે છે. જોધપુર અને જેસલમેર વિસ્તારમાં આ વાદળોની અસર દેખાવા લાગી છે અને ખાસ કરીને તાપમાનમાં થોડી વૃધ્ધિ થઈ છે. ૧૦૦થી ૧૨૦ કિલોમીટરની ઝડપે આગળ વધી રહેલા રાખના વાદળો જો કે અન્ય કોઈ મોટી મુશ્કેલી સર્જી શકે તેમ નથી પરંતુ લોકોના સ્વાસ્થ્ય ઉપર થોડી અસર થશે અને એર પોલિટી ઈન્ડેક ઘટી શકે છે.

### આઈએમઈઆઈ

પહેલા પાનાનું ચાલુ

યુઝરને પણ એક અપરાધી તરીકે જવાબદાર ઠેરવી શકાય છે.

વિભાગે સબ સ્ક્રાઈબર્સને આવો મોબાઈલ એપ કે વેબસાઈટનો ઉપયોગ ન કરવાની સલાહ અપાઈ છે. જે કોલીંગ લાઈન આઈડેન્ટીટી (સીએલઆઈ) કે બીજા ટેલિકોમ આઈડેન્ટીફાયર્સને બદલે છે. ડીઓટીએ નાગરિકોને સલાહ આપી છે કે તેઓ ‘સંચાર સારથી’ પોર્ટલ કે ‘સંચાર સારથી’ મોબાઈલ એપથી આઈએમઈઆઈની જાણકારીને જરૂર વેરિફાઈ કરે.નંબર બ્લોક કરવાથી સ્પામ કોલ નહીં રોકાયનવી દિલ્હીઃટેલિકોમ રેગ્યુલેટર (ટ્રાય)એ સોમવારે જણાવ્યુ હતું કે માત્ર ફોન નંબર બ્લોક કરી દેવાથી સ્પામ કોલ નહિં રોકાય તેના માટે યુઝર્સે ટ્રાય ડીએનડી એપથી ફરિયાદ કરવી જોઈએ.ભારતીય દુરસંચાર નિયામક ઓથોરીટીએ જણાવ્યું હતું કે,ડીએનડી એપ પર ફરિયાદોનાં આધારે સ્પામ અને મેસેજ મોકલનાર ૨૧ લાખથી વધુ મોબાઈલ નંબરોને બંધ કરી દેવામાં આવ્યા છે.

લગભગ એક લાખ સંસ્થાઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી છે. જણાવવામાં આવ્યુ છે કે ફોન પર કોઈ નંબરને બ્લોક કરવાથી તે માત્ર આપના ડીવાઈસમાં છૂપાઈ જાય છે. આ સ્કેમરને નવા નંબરોથી બીજાને પરેશાન કરતા રોકી નથી શકતું ટ્રાય ડીએનડી પર ફરિયાદ જરૂરી છે.

### ગરીબ નવાઝ

પેજ-૨ પાનાનું ચાલુ

સૈયદ, ઈમરાન મેમણ, અબ્દુલ મજીદ કુંભાર (વસિલા), ગફુર સુમરા (પોસ્ટમેન), ઈસ્માઈલ સાટી, અનવરભાઈ લોહાર, જાવેદ કાઠી, ઈરફાનભાઈ કેર, ઈશાક કુંભાર, ઈમરાન તુરીયા, નિસાર મેમણ, શબ્બીર મિસ્ત્રી, ફકીર મામદ નોતિયાર, મોહમ્મદ હુસેન મેમણ, અસલમ કુંભાર, અબ્દુલભાઈ નોડે, અનવરભાઈ કુંભાર, ઉમર મિસ્ત્રી, અભાસ કુંભાર (AB), અતા મોહમ્મદ મેમણ, શરીફભાઈ કુંભાર, ઈસ્માઈલ મેમણ, રીજવાન કુંભાર, અરબાઝ સુમરા, સલમાન ભજીર, જાવેદ નોડે તેમજ અબડાસા ય્દ્રઈહ્લ ટીમ દ્વારા ખૂબ જ સરાહનીય મેહનત કરવામાં આવી હતી.

### ચેમ્બર દ્વારા

પેજ-૨ પાનાનું ચાલુ

આમ ત્રણ દિવસ દરમ્યાન કુલ ૩૫૭૧૮ વિઝીટર્સે સીટેક્ષ એક્ષ્પોની મુલાકાત લેતા તેનો બહોળો લાભ એક્ઝીબીટર્સ તેમજ સુરતની સમગ્ર ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીને મળ્યો હતો.

આ ત્રણ દિવસ દરમ્યાન દેશના વિવિધ શહેરો જેવા કે અમદાવાદ, મુંબઈ, સુરેન્દ્રનગર, સિદ્ધપુર, કોલ્હાપુર, કોલકાતા, ભિલવાડા, ઈન્દોર, ઈચ્છલકરંજી, ભાવનગર, વારાણસી, નાશિક, માલેગાવ, ડુંગરપુર, હૈદરાબાદ, અમરેલી, અબ્રામા, ઈરોડ, નવી દિલ્હી, પૂણે, ઔરંગાબાદ, કોઈમ્બતુર, તિરૂપુર, પાટણ, સોલાપુર, ઈટવા, ચેન્નાઈ, ભુજ, બિકાનેર, જોધપુર, ગાઝિયાબાદ, બકસર, અંબાલા, વીરપુર, પ્રતાપગઢ, બદરીનાથપુરી, બક્ષદ (રાજસ્થાન), બેંગ્લોર અને સિલચુરના વિઝીટર્સે એકઝીબીશનની મુલાકાત લીધી હતી.

### શ્રી ગટપુર

પેજ-૨ પાનાનું ચાલુ

શાળાની વિવિધ સિદ્ધિઓમાં જોવા મળે છે. આજના ઝડપી અને સ્માર્ટ યુગમાં માતાપિતાએ ખૂબ સજાગ અને સતત અપડેટ રહેવાની જરૂર છે. વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંસ્કારનું ભાથું મળે, શિસ્તનું મહત્ત્વ સમજે અને વિદ્યાર્થીઓ માતાપિતા તેમજ શિક્ષકોને આદર આપે તે ખૂબ જરૂરી છે. રામાયણ અને મહાભારતની વાત શૈક્ષણિક પરિપ્રેક્ષ્ય કરવી હોય તો એમ કહી શકાય કે, ગુરુજીને આદર આપનાર રામ-ભરત જેવા સંસ્કારી અને ગુરુજીનો અનાદર કે અપમાન કરનાર દુર્યોધન જેવા બનશે; જે માતાપિતાને પણ વૃદ્ધાશ્રમમાં મોકલતાં શરમ અનુભવશે નહી. અભ્યાસમાં અતિ તેજસ્વી હોય તેવા વિદ્યાર્થીઓ પણ ક્યારેક ખોટી સંગતના કારણે પોતાનું જીવન બરબાદ કરી નાખતા હોય છે. આવું ન બને તે માટે વાલીઓએ જાગૃત રહેવાની જરૂર છે. દરરોજ થોડો સમય કાઢીને બાળકો સાથે વાતચીત કરવી જોઈએ. બાળકની વાણી, વર્તનમાં કોઈ ભૂલ જણાય તો, તેમાં સુધારો થાય તે માટે પ્રેમથી - વાર્તાઓ દ્વારા સમજાવવું જોઈએ. વિદ્યાર્થીની મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન અને માતાપિતાનાં યોગ્ય પ્રોત્સાહનના ત્રિવેણી સંગમથી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થાય છે.”

આ પરિસંવાદમાં પૂછેલા પ્રશ્નોના ઉત્સાહથી જવાબ આપનાર વિદ્યાર્થીઓ અને વાલીઓનું પુસ્તક દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. ધોરણ ૧૦ અને ૧૨ના તેજસ્વી તારલાઓને તેમજ રમતવીરોને મહેમાનોના વરદ હસ્તે ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. પોતાનો કીમતી સમય ફાળવીને ઉપસ્થિત રહેનાર સૌનો શાળા પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્પ. રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો. શાળાના તમામ શિક્ષકોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

**THE BARODA RAYON CORPORATION LIMITED**

**Reg. Office: P.O. Baroda Rayon, Fatehnagar, Udhna, Dist. Surat-394220 (T) 0261-2899555 Email- admin@brcl.in CIN – L45100GJ1958PLC000892 website-www.brcl.in.**

**ભૌતિક શેરના ટ્રાન્સફરના પુનઃલોજમેન્ટ માટે ખાસ વિન્ડો**

આથી સૂચના આપવામાં આવે છે કે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી") એ ૦૧ એપ્રિલ, ૨૦૧૯ થી ભૌતિક રીતે રાખેલા શેરનું ટ્રાન્સફર બંધ કરી દીધું છે. જો કે, તે તારીખ પહેલાં નોંધાવવામાં આવેલા અને ટ્રાન્સફરના દસ્તાવેજોમાં ખામીને કારણે નકારવામાં આવેલા ટ્રાન્સફર ડીડ ૩૧ માર્ચ, ૨૦૨૧ પહેલા ફરીથી નોંધાવી શકાય છે.

સેબીના પરિપત્ર SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 તારીખ ૦૨ જુલાઈ, ૨૦૨૫ અનુસાર, ૦૭ જુલાઈ, ૨૦૨૫ થી ૦૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીના છ મહિનાના સમયગાળા માટે ૦૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા દાખલ કરાયેલા ટ્રાન્સફર ડીડને ફરીથી દાખલ કરવા માટે એક ખાસ વિન્ડો ખોલવામાં આવી છે.

આ સમયગાળા દરમિયાન ફરીથી લોજ કરાયેલા બધા શેર ટ્રાન્સફર-કમ ડીમેટ રૂટ દ્વારા પ્રક્રિયા કરવામાં આવશે, એટલે કે ટ્રાન્સફર પછી તે ફક્ત ડીમટીરિયલાઈઝ્ડ (ડીમેટ) સ્વરૂપમાં જારી કરવામાં આવશે. યોગ્યતા ધરાવતા શેરધારકોને કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આર્ટીએ)એમયુએફજીઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સી-૧૦૧, ૨૪૭પાર્ક, એલબીએસમાર્ગ, વિક્રોલી વેસ્ટ, મુંબઈ- ૪૦૦૦૮૩,ઈમેઈલ: investro.helpdesk@in.mpms.mufg.comપર સંપર્ક કરવા વિનંતી છે.

ટ્રાન્સફર કરનાર(ઓ) પાસે ડીમેટ ખાતું હોવું જોઈએ અને આર્ટીએમાં ટ્રાન્સફર માટે દસ્તાવેજો સબમિટ કરતી વખતે ટ્રાન્સફર દસ્તાવેજો અને શેર પ્રમાણપત્ર સાથે તેનું ક્લાયન્ટ માસ્ટર લિસ્ટ (સીએમએલ) પ્રદાન કરવું આવશ્યક છે. ૦૬ જાન્યુઆરી, ૨૦૨૬ પછી સબમિટ કરાયેલ ટ્રાન્સફર વિનંતી કંપની/આર્ટીએદ્વારા સ્વીકારવામાં આવશે નહી.

**તારિક : ૨૪/૧૧/૨૦૨૫ ફોર ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમિટેડ**
**સ્થળઃ સુરતસહી/-**

**કુંજલ દેસાઈ**
**કંપની સેક્રેટરી**

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka